ગાંધીનગર સમાચાર



સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

## સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

અંધેર શાસનથી બાપુકી મિલ્કત વેંચી નાખો,
લૂંટાવી દો પ્રજાની તિજોરી, મુદ્દત ખેંચી નાખો,
મીંચી નાખો આંખ, દેવાંની પાંખે ઉડયા કરો -
ફર્યા કરો 'મહારાજા' થઈ, પ્રજાની રેંસી નાખો.

હાઈકુ

બચ્યા ડૂબતા
'મહારાજા' દેવાંથી
તરમા ઓથે

ખોટાં સાહસે
ઉડે છે આકાશમાં
ટાટા ઉગારે...

### ચિંતન

**ખોદ ખોદ ધરતી સહૈ, કાટકૂન બન રાય ।**
**કુટિલ બચન સાધુ સહૈ, ઔર એ કહા ન જાય ॥**

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

કબીર કહે છે કે ધરતીને ગમે તેટલી ખોદો તો પણ તે સહન કરે છે. વનજંગલને ગમે તેટલું કાપ-કાપ કરો તો પણ વન સહન કરે છે. આવી જ રીતે કોઈ સાધુ પુરુષને ગમે તેટલી ગાળો આપો કે અપમાન કરો તો સાધુપુરુષ સહન કરે છે. બાકી સામાન્ય માણસની સહન કરી શકાતું નથી.

સાધુ સંતોનો માર્ગ સહનશક્તિનો માર્ગ છે. આ માર્ગમાં અપમાન, નિંદા, ધૃણા અને તિરસ્કાર જેવાં તત્ત્વો હંમેશાં સમાયેલા રહેતા હોય છે. જે લોકો કેવળ માન-પ્રતિષ્ઠા મેળવવા માટે સાધુસંત થયા હોય છે તેઓ સહનશક્તિ વિનાના હોય છે. બધી શક્તિઓમાં સહનશક્તિ સૌથી વધુ મર્દાનગી બતાવનારી અને નમાલાપણું બતાવનારી હોય છે. જો પ્રતિકાર કરવાની ક્ષમતા હોવા છતાં સહન કરવામાં આવે તો તે સહન શક્તિ કહેવાય. પણ જો પ્રતિકાર કરવાની ક્ષમતા ન જ ન હોય સહન કરવામાં આવે તો તે સહનશક્તિ નહીં પણ નમાલાપણું કહેવાય, નમાલાપણું કાયરતાથી આવનારો બહુ મોટો દોષ છે, જે વ્યક્તિના વ્યક્તિત્વને હણી લેતો હોય છે.

### સુવિચાર

- મુઝે ગલત સમઝ ને સે પહેલ આપ સંતુષ્ટ હો જાઓ કિ આપ સહી હો !! - **કાર્તિક સિન્હા**
- પશુબલિ વાળાં કર્મકાંડો કરવા કરતાં સામગ્રી વિનાની ઉપાસના કરવી હિતાવહ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ભક્તિ રે કરવી તેને રંક થઈને રહેવું, પાનબાઈ,
  તજવાં અંતરના અભિમાન રે...!! - **ગંગા સતિ**
- જે કલા કૌશલ્ય કે સિદ્ધિ સમાજ ને ઉપયોગી થતી ના હોય તે
  અહંકાર ને પ્રદર્શન માટે જ કહેવાય - **ડો. દિપક કાશીપુરિયા**
- જીવ જોખમે પરોપકાર કરનારને વંદન,
  અન્યને માટે મરી ફીટનારને અભિનંદન - **અમૃતબિંદુ**
- પરિવારમાં શાંતિ ન હોય પછી વિશ્વશાંતિ શા ખપની ? - **ગુણવંત શાહ**
- આજનું ઔષધ : દાઝવા ઉપર વડના પાન વાટીને ગાયના ઘીમાં મેળવીને લગાડવાથી બળતરા શાંત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

### બોધકથા

રાજાએ રાજપુરોહિતને ભર્યા દરબારમાં પૂછ્યું, 'ગુરુદેવ !! જૂના જમાનામાં પ્રજામાં ધર્મનું બળ હતું તે અત્યારે કેમ જોવા મળતું નથી ?' રાજપુરોહિતે જવાબ ન આપ્યો પણ એક મોટા વાસણમાં તેલ ભર્યું અને દરબારમાં હાજર સૌ ના હાથમાં એવું એક ખાલી વાસણ મૂકીને સૌને આજ્ઞા કરી કે તેલવાળું વાસણ લઈ એની બાજુમાં બેઠેલી વ્યક્તિના હાથમાં ખાલી વાસણ મૂકીને સૌને આજ્ઞા કરી કે તેલવાળું વાસણ લઈ એની બાજુમાં બેઠેલી વ્યક્તિના હાથમાં ખાલી વાણસમાં બધું તેલ રેડી આપવું, અને એ દરબારી બાજુવાળાના ખાલી રહેલા વાણસમાં રેડે અને એમ બધાં કરતાં જાય.

એમ એક એક પોતાના પાત્રમાં તેલ લે અને બીજાના પાત્રમાં રેડે, અને ક્રમે ક્રમે દરબારનું ચક્ર પૂરું થયું અને છેલ્લા દરબારીએ પોતાના પાત્રમાંનું તેલ રાજાના હાથમાં રહેલા ખાલી પાત્રમાં રેડી દીધું. રાજાએ જોયું તો એમના પાત્રમાં માત્ર અડધો પ્યાલા જેટલું જ તેલ ઠલવાયું.

શરુઆત કરી ત્યારે તેલ ઘણું હતું, પણ વાસણે વાસણે એ ચોંટ્યું જાય એટલે શરુઆતમાં ખાસ ફેર દેખાતો નથી પણ એનું પ્રમાણ ઓછુ થતું જાય અને આખરે રાજાના હાથમાં ફક્ત અડધો પ્યાલો જ આવે છે.

રાજા સમજી ગયા, બધાં સમજી ગયા.

# મહેબૂબા મુફ્તીનો પુણ્યપ્રકોપ

તંત્રીસ્થાનેથી...

જમ્મુ અને કાશ્મીર વિશેનો ખાસ દરજ્જો દૂર કર્યા પછી હજી સુધી ખીણનો ભારેલો અગ્નિ ઠર્યો નથી. સૈનિકો અને પોલીસ બળના જોરે કેન્દ્ર સરકાર તોફાની અને અલગતાવાદી તત્ત્વોને જેર કરવામાં સફળ થતી જરૂર લાગે, વિકાસકાર્યો પણ જોરશોરથી આગળ વધતાં વરતાય, પરંતુ વાસ્તવિક સ્થિતિ એ છે કે ત્યાંની પ્રજાનો એક મોટો વર્ગ અસંતુષ્ટ છે. સ્થાનિક રાજકીય અગ્રણીઓનું વજૂદ સમાપ્ત કરવાના કેન્દ્રના પ્રયાસ સફળ થયા નથી. ભારતીય જનતા પાર્ટીએ કાશ્મીરને જાણે એક રાજકીય પ્રયોગશાળામાં ફેરવી દીધું છે - એ મતલબનો પાકિસ્તાન પરસ્ત પૂર્વ મુખ્યમંત્રી મહેબૂબા મુફ્તીનો આક્ષેપ મહદંશે સત્યની નજીક છે. આ જ પીડીપી સાથે ચૂંટણી ગઠબંધન કરીને ભારતીય જનતા પાર્ટી જમ્મુ અને કાશ્મીરમાં સત્તાની ભાગીદાર બની હતી. હવે મહેબૂબા જ નરેન્દ્ર મોદી માટે સૌથી મોટી શિરોવેદના બની રહેલ છે. એ વખતે પણ પીડીપીનો અભિગમ તો આજે છે એવો જ હતો. એ પાકિસ્તાન સાથે સૌહાર્દપૂર્ણ સંબંધોની ત્યારે પણ હિમાયત કરતાં હતા અને આજે પણ કરે છે. એ વખતે ભાજપ એમના ખીણ પરના પ્રભાવનો ફાયદો ઉઠાવી ફારુક અબ્દુલ્લા અને ઓમર અબ્દુલ્લાની નેશનલ કોન્ફરંસ અને કોંગ્રેસ સામે એક મજબૂત સંગઠન અને ગઠબંધન રચવાનો ઈરાદો સેવતું હતું. ચૂંટણીમાં ગઠબંધન વિજયી પણ બન્યું પરંતુ એ દોસ્તી લાંબી ન ચાલી. અલગતાવાદી સંગઠનો અને પાકિસ્તાન પરસ્ત જથો સાથે મહેબૂબા મુફ્તીને તો નાભિનાળ સંબંધ હતો. આખરે એ પ્રયોગ નિષ્ફળ ગયો. ગર્વનર શાસન દરમિયાન જમ્મુ આને કાશ્મીરમાં ઘુસણખોરી કરતાં આતંકી તત્ત્વો વિરુદ્ધ કડક હાથે કામ લેવાયું. પરંતુ એથી પણ કોઈ અર્થ ન સર્યો. પાકિસ્તાન પરસ્ત જેહાદી તત્ત્વોએ પોલીસ અને સેનાને જ નિશાન બનાવી પથ્થરબાજી કરી. કેટલીક ખૂનરેજીભર્યા આતંકી દુર્ઘટનાઓનો બદલો લેવા 'સર્જિકલ સ્ટ્રાઈક' કરીને દેશની વાહવાહી પ્રાપ્ત કરનાર કેન્દ્ર સરકાર ખીણમાં અળખામણી બની ગઈ. એ સાચું કે કાશ્મીરના નાગિરકને પણ દેશના અન્ય નાગરિકો જેવા જ માનવાધિકારો ખપે છે. પરંતુ ત્યાંની વિશિષ્ટ પરિસ્થિતિ જોતાં એમનાં નેતાઓને લાંબા વખત સુધી નજરકેદ કરાયા, ઈંટરનેટ સેવાઓ સ્થગિત અથવા મર્યાદિત કરાઈ અને રાજયનો વિશેષ દરજ્જો રાતોરાત સમાપ્ત કરી દઈ એને ત્રણ ટુકડાઓમાં વહેંચી દેવાયું. એથી અલબત્ત, જમ્મુ અને લદાખ વિસ્તારની પ્રજા તો ખુશ જ થઈ, કારણ કે એને પાકિસ્તાન સાથે ખાસ દેવા દેવા નથી. પરંતુ ખીણ તો ઊકળતા ચરુમા બલકે નીંભાડામાં જ ફેરવાઈ ગઈ. બહારની દુનિયા પર ભારતનો વધતો પ્રભાવ એના આંતરિક મામલામાં યુનો સહિત કોઈને પણ દખલ કરવા જતાં અટકળાવવામાં સફળ રહ્યો છે. પરંતુ સ્થાનિક સ્તરે બધું બરાબર છે એવા ભ્રમમાં રહેવા જેવું નથી. મહેબૂબા મુફ્તીએ રણશિંગુ ફૂંક્યું છે અને પંડિત જવાહરલાલ નહેરુ તથા અટલ બિહારી વાજપેયીની સરકારો એ પાકિસ્તાન સાથે વાતચીતના દરવાજા ખુલ્લા રાખી કાશ્મીરની પ્રજાને સધિયારો આપેલો એ સિલસિલો ચાલુ રાખવાની ભલામણ કરી છે. કાશ્મીર અને પાકિસ્તાન વચ્ચે લોહીની સગાઈ છે આથી જો ખીણ પણ વધુ પડતું દબાણ આવશે તો એ બીજું અફઘાનિસ્તાન બની શકે છે - એવી ગર્ભિત ધમકી પણ આપી દીધી છે. એવું થશે તો તમે પણ સલામત નહીં રહો - એવા સાફ શબ્દો ઉચ્ચારીને મુફતીએ એક ધારદાર સવાલ કર્યો છે : અમે બધા પાકિસ્તાની, શીખો ખાલિસ્તાની અને એકલી ભારતીય જનતા પાર્ટી જ હિંદુસ્તાની ? કેન્દ્ર સરકાર એની હિંદુ વોટબેંક મજબૂત કરવા માટે કાશ્મીરને રાજકીય લેબોરેટરી બનાવી રહી હોય તો સરવાળે એ દેશ માટે નુકશાનનો સોદો સાબિત થશે એમ કહી મહેબૂબાએ એક સમયના એમના સત્તા ભાગીદાર ભાજપને અને વડાપ્રધાન મોદીને પડકાર ફેંક્યો છે. કયારેક વી.પી. સિંહ સરકારમાં ગૃહમંત્રી રહી ચૂકેલા મુફતી મોહંમદ સઈદની પાર્ટી પીડીપી તાલિબાનની પ્રશસ્તિ કરતી થઈ ગઈ છે તે વિશે કેન્દ્ર સરકારે ગંભીરતાપૂર્વક ધ્યાન આપવાની જરૂર છે. આવા નેતાઓને નજરકેદ કરવાથી પ્રશ્નો ઉકેલાઈ જતા નથી, ઊલટાના વધારે ગૂંચવાય છે. એમણે તો તાલિબાનનાં પણ વખાણ કરવા માંડ્યા છે. જો અગાઉ જેવી ભૂલો ન કરે અને શરિયાના સિદ્ધાંતો મુજબ મહંમદ પયગંબરની મદીના સરકાર જેવી સરકારનો નમૂનો પેશ કરે તો એ આદર્શ ઈસ્લામિક શાસન બની રહે એવી શુભેચ્છામાં પણ મહેબૂબાના ભારત એ હિંદુ વિરોધી ઈરાદા સ્પષ્ટપણે વાંચી શકાય છે.

# મનોરંજનની વ્યાખ્યા બદલાતી જાય છે

મન-રંજન
દવનિલ પારેખ

આનંદ અને મનોરંજન આ બંને વચ્ચે ભેદ છે એક સૂક્ષ્મ છે અને એક સ્થૂળ છે. હું ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો' વાંચુ પછી હું એમ કહીશ કે મને આનંદ આવ્યો. પમ ગાંધીજીવન પર બનેલી ફિલ્મ 'ગાંધી' નિહાળીને હું એમ કહીશ કે, મજા પડી, હવે, આ મજા પડી એમ કહું છું ત્યાં મનોરંજન સંકળાયેલું છે. કોઈ હાસ્યરસથી ભરપૂર સિનેમા જોયા પછી આપણે એમ કહીએ છીએ કે 'મજા પડી.' ગુલઝાર દિગ્દર્શિત સંજીવકુમાર અને દેવેને વર્માના ડબલરોલ વાળી 'અંગુર' જઈને 'મજા પડી' એવું આપણે કહી શકીએ. એ જ રીતે રાજકુમાર સંતોષી દિગ્દરશિત અને આમીર ખાન, સલમાન ખાન અભિનિત 'અંદાજ અપના અપના' જોયા પછી પણ આપણે 'મજા પડી' એવું કહી છીએ. તો વિક્રમ ભટ્ટ દિગ્દર્શિત રહસ્યમય અને ભૂતપ્રેત અને પુનર્જન્મની કથા ધરાવતી ફિલ્મ જોઈને પણ આપણે 'મજા પડી' એવું કહીએ છીએ.

હવે, મુદ્દો એ છે કે 'અંગુર', અંદાજ અપના અપના, ડૉન, કે બીસ સાલ બાદ - જુદા જુદા વિષય ધરાવતી ફિલ્મો જોઈને આપણને એમ જ કહીએ છીએ કે મજા પડી પણ દરેક ફિલ્મ જોઈને આપણને એકસરખી મજાનો અનુભવ કરતા નથી. વિષય પ્રમાણે એ 'મજા પડવા'માં પણ ભેદ પડે છે. દરેક ફિલ્મ કે ધારાવાહિક આપણને જુદું મનોરંજન પુરું પાડે છે. આ મનોરંજન મોટે ભાગે તો સ્થૂળ હોય છે. જયાં સુધી વેબ સિરીઝનો જમાનો નહોતો આવ્યો ત્યારે મનોરંજન આપવા માટે ધાર્મિક, પૌરાણિક, સામાજિક ધારાવાહિકો હતી. સાસુ-વહુના ઝઘડા, એક સ્રી પાત્રની બીજા સ્રી પાત્ર પ્રત્યેની ઈર્ષ્યા સ્રી અને પુરુષ બંનેના અવૈદ્ય સંબંધો સામાજિક ધારાવાહિકના કેન્દ્રમાં જોવા મળતા હતા. કૃષ્ણ, હનુમાન, રામ, ગણેશ, શંકર - પૌરાણિક પાત્રો તરીકે લોકપ્રિય હતા અને આ ધારાવાહિકો ભક્તિભાવપૂર્વક જોવામાં આવતી હતી. આ પ્રકારના ધારાવાહિકોમાંથી મળતું મનોરંજન પણ જુદા જ પ્રકારનું હતું.

મનોરંજનની આ દુનિયામાં મસમોટું પરિવર્તન વેબસિરીઝ દ્વારા આવ્યું. મનોરંજનની જે વિવિધતા હતી એ મોટેભાગે આ વેબસિરીઝ આવવાને કારણે સીમિત થઈ ગઈ હોય એવું લાગે છે. રહસ્ય અને હિંસાથી ભરપૂર આ વેબસિરીઝ એકસરખી જ લાગતી હોય છે. એમાં બદલાની ભાવના કેન્દ્ર સ્થાને હોય છે. જો કે, આ બદલાની ભાવના તો હિન્દી સિનેમાના પાયામાં પડેલું તત્વ છે. દસમાંથી આઠ હિન્દી ફિલ્મોમાં આ બદલાની ભાવના જોવા મળશે. પરંતુ વેબસિરીઝ આવવાને કારણે જુગુપ્સા અને બીભત્સતાનું પ્રમાણ ખૂબ વધી ગયું છે. આ પ્રકારનાં દૃશ્યો હોય તો જ મનોરંજન મળી શકે એવી વ્યાખ્યા હવે દૃઢ થતી જાય છે. જો કે, આ બધા વચ્ચે 'મેરિડ વુમન' જેવી સ્રીની માનસિકતા કે એની દૈહિક જરૂરિયાતને કેન્દ્રમાં રાખીને જુદા વિષય વસ્તુ વાળી ધારાવાહિક પણ અપવાદરુપે જોવા મળે છે. ટૂંકમાં, હિંસા, સેક્સ, જુગુપ્સા, બીભત્સતા એ જ જાણે મનોરંજન ! મનોરંજનની વ્યાખ્યા બદલાતી જાય છે.

# તા. ૨ ઓકટોબરે, બાપુને ગમતાં ભજનોરુપી પુષ્પોની શ્રદ્ધાંજલિ એટલે 'કલા ગુર્જરી'નો કાર્યક્રમ 'જે પીડ પરાઈ જાણે રે....'

## સુંદર ભજનો અને 'ગાંધી વાતો'થી બન્યું વાતાવરણ ગાંધીમય : એક અનોખો કાર્યક્રમ

ટહૂકાર
પ્રકાશ લાલા

'ઊગે છે સુરખી ભર્યો રવિ મૃદુ હેમંતનો પૂર્વમાં...' એ કવિ કલાપીની 'ગ્રામ્ય માતા ' કાવ્યની પંક્તિની યાદ આવી જાય એવા પ્રભાતના ખુશનુમા તે પ્રાકૃતિક વાતાવરણમાં, મીઠી હલકથી ગવાતાં, 'આશ્રમ ભજનાવલિ' ના પદો- ભજનો સાંભળીને થાય કે ભલે આપણે પૂ. ગાંધીજીની આશ્રમમાં થતી પ્રાર્થના સભા જોઈ નથી પણ એનો માહોલ અદ્દલ આવો જ પવિત્ર, ભાવપૂર્ણ હશે, એ ચોક્કસ. ને તેથી જ તા. ૨જી ઓકટોબરે 'કલા ગુર્જરી, ગાંધીનગર' દ્વારા આ વર્ષે પણ (કોરોનાના કારણે) 'ઓનલાઈન' યોજાયેલ કાર્યક્રમ, જે પીડ પરાઈ જાણે રે...' માણીને ધન્ય થઈ જવાયું... થયું કે જે ભાવકો - ગાંધીજનોએ તે જીવંત - લાઈવ માણ્યો હશે તે તો ધન્યાતિધન્ય જ બની ગયા હશે. દેશની આઝાદીના અમૃત મહોત્સવ તથા આઝાદી અપાવનાર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિની ઊજવણીના આ વર્ષમાં 'કલા ગુર્જરી ગાંધીનગર' દ્વારા સતત ૧૫મા વર્ષે પૂ. બાપુના જન્મદિને, એમને ગમતાં ભજનોરુપી પુષ્પો જાણે સુતરની આંટીમાં પરોવીને પૂ. બાપુને ચરણે ધરી, એમને ભાવાંજલિ - સ્મરણાંજલિ અર્પવાની પરંપરા જાળવી રાખી. આશ્રમમાં ગાંધીજીના સાંનિધ્યમાં નિત્ય - પ્રાતઃકાલે 'પ્રાર્થના સભા' થતી એ જ રીતે સવારે ૬.૩૦ વાગ્યે, પૂ. ગાંધીજીની પ્રતિમા સમક્ષ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરાયું ત્યારે કલાકારોએ 'શુભ કરોતિ કલ્યાણમ્....' એ દીપ મંત્રનું મધુર ગાન કરીને જે વાતાવરણને સંગીતમય, ભક્તિમય બનાવી કાર્યક્રમનો અસરકારક માહોલ બાંધી દીધો... અને પછી તો ખાસ ભાવનગર, મુંબઈથી આવેલા સંત-ભજનિકો આદરણીય સર્વશ્રી રામસેવક દાસજી, અયોધ્યાદાસજી, ગાયિકા સુશ્રી સ્વાતિબેન પાઠક અને આપણા નગરના ગૌરવસમા લોકગાયક ભાઈ ભીખુદાન ગઢવી 'વિશ્વ મહામાનવ' ગાંધી બાપુ પ્રતિ પૂર્ણ શ્રદ્ધા સાથે, એમના મીઠા, કુશય કંઠેથી 'આશ્રમ ભજનાવલિ' પૈકીનાં, લોકજીભે રમતાં ને સૌને ગમતાં, સાદા છતાં પ્રશંસનીય પ્રસ્તુતિ દ્વારા ભક્તિધારા વહાવીને શ્રોતાઓને ભક્તિરસમાં ભીંજવી દીધા હતા....

'શ્રી રામચંદ્ર કૃપાળુ ભજમન્...' એ પ્રભુ રાઘવેન્દ્ર રામજીના મનોહારી વર્ણનને સ્તુતિના પદથી પ્રારંભાયેલ 'જે પીડ પરાઈ જાણે રે' કાર્યક્રમમાં પછી તો પારકી પીડાના જાણતલ એવા સાચા વૈષ્ણવજન અને જેમનું જીવન જ એમનો સંદેશ હતો એવા રાષ્ટ્રપિતા બાપુના સિદ્ધાંતો પ્રેમ-કરુણા, સમભાવ, સત્ય ને સંવેદનાને ઉજાગર કરતાં જે ભજનો ગવાયાં તેમાં આપણા આદ્ય કવિ ભક્ત કવિ નરસિંહ મહેતાનાં પદો 'નારાયણનું નામ જ લેતાં, વારે તેને ત્યજીએ રે..' અને 'અખિલ બ્રહ્માંડમાં, એક તું શ્રી હરિ' તો 'પ્રભુજી તુમ ચંદન હમ પાની, જાકી જયોતિ જલે દિન રાતી.' અને 'મેરે તો ગિરિધર ગોપાલ દૂસરો ન કોઈ...' (મીરાંબાઈ) ભજનોએ એના શબ્દો, સ્વરના, માધુર્ય અને ભક્તના ભગવાન પ્રતિનો દાસાનુભાવની અભિવ્યક્તિ થકી શ્રોતાઓના હૃદયને ભાવથી ડોલાવી દીધા હતા...



એ પછીની પ્રસ્તુતિમાં 'હમારે પ્રભુ મેરે અવગુણ ચિત્ત ના ધરે....સમદર્શી હૈ નામ તિહારો, ચાહે તો પાર કરો... હમારે પ્રભુ અવગણ ચિત્ત ના ધરો...' તેમ જ 'પાયોજી મેને રામરતન ધન પાયો...' પછીની ગાયકો દ્વારા ગવાયેલ સમૂહધૂન 'રામ રામ જૈ રાજા રામ, રામ રામ જૈ સીતારામ' એ સૌને પ્રભુ નામ સ્મરણમાં લીન કરી દીધા... એમાં ય આગળના દૌરમાં ગવાયેલા સુમધુર પદો 'સબસે ઊંચી પ્રેમ સગાઈ, દુર્યોધન કો મેવા રે ત્યાગી, ભાજી વિદુર ઘર ખાઈ...., સબકે ઊંચી પ્રેમ સગાઈ....' તથા 'એક જ દે ચિનગારી, મહાનલ એક જ દે ચિનગારી.' 'જૂનું તો થયું રે દેવળ જૂનું તો થયું... મારો હંસલો નાનો ને દેવળ જૂનું તો થયું....' અને પ્રેમળ જયોતિ તારો દાખવી, મુજ જીવનપંથ ઉજાળી...' હરિનો મારગ છે શૂરાનો નહી કાયરનું કામ જોને...' તેમ જ 'ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈજા.' સાથે ગાંધીજીએ જેમને રાષ્ટ્રીય શાયરનું બિરુદ આપ્યું હતું તે આપણા ઝવેરચંદ મેઘાણીની રચના, 'છેલ્લો કટોરો ઝેરનો આ પી જજો બાપુ, સાગર પીનારા અંજલિ નવ ઢોળશો, બાપુ' કે જે ગોળમેજી પરિષદ માટે ઈંગ્લેન્ડ જતા ગાંધીજી માટે ખાસ લખાઈ હતી તેનું ગાન શ્રી ઝવેરચંદ મેઘાણીની સવાસોમી જન્મજયંતિનું આ વર્ષ હોઈ તે નિમિત્તે (શ્રી ભીખુદાન ગઢવીના ઘેઘુર ને દર્દભર્યા સ્વરમાં) રજૂ થયાં તે કાર્યક્રમને ગરિમા અને ઊંચાઈ બક્ષનારાં બની રહ્યા...

પૂ. બાપુનું કવિ નરસિંહ મહેતાનું અતિપ્રિય ભજન 'વૈષ્ણવજન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે...' અને ગાયક - શ્રોતાઓના સમૂહગાન 'રઘુપતિ રાવઘ રાજા રામ.... પતિત પાવન સીતારામ' સાથે 'જે પીડ પરાઈ જાણે રે.....' કાર્યક્રમનું સમાપન થયું. ત્યારે કાર્યક્રમના શુભારંભે પૂર્વાકાશે રજી ઉદય થવું થવું કરતા બાળ મૃદુ સૂર્ય એ પણ પ્રકાશી, તેનાં કિરણો રેલાવી, એની પ્રસન્નતા વ્યક્ત કરી અને મોહન માંદી 'મોહનદાસ' બનેલા, ગરીબો, દુખી દર્દીઓના બેલી 'સાચા વૈષ્ણવજન' અને સત્યના આ પૂજારી કે જેના વિચારો નાનાં-મોટાં સૌના દિલમાં વવાઈ, વસી ને વિસ્તરી જનારા ગાંધીજીને આદરાંજલિ અર્પી રહ્યા હતા... આ કાર્યક્રમ જેમણે માણ્યો એ ધન્ય થયા ને ન માણ્યો તેમની સ્થિતિ 'તીરે ઊભેલા જુએ તમાશાને, દેખણહારા દાઝે જોને' જેવી રહી હશે !! કાર્યક્રમના પ્રારંભે તેની પૂર્વ ભૂમિકા આપતાં ગાંધીજન, પૂર્વ સાંસ્કૃતિક મંત્રી અને 'કલા ગુર્જરી ગાંધીનગર' ના અગ્રણી મુ. મહેન્દ્રભાઈ ત્રિવેદીએ તા. ૨જી ઓકટોબરના દિવસને માત્ર બાપુને યાદ કરવાના જ નહીં પણ તેમણે ચીંધેલા માર્ગે ચાલવાનો સંકલ્પ લેવાનો પણ દિવસ ગણાવી ઉમેર્યુ હતું કે પૂ. ગાંધીજીનો અગિયાર પ્રશ્નો પૈકી એક વ્રત 'અપરિગ્રહ' ને સમગ્ર વિશ્વે અપનાવવાની જરૂર છે. ભોકતાવાદમાંથી એ જ આપણને બચાવશે અને પ્રકૃતિનું ઓછામાં ઓછું દોહન - શોષણ થશે તો ઈશવર ને કુદરત રાજી રહેશે.... ગાયક કલાકારો સર્વ શ્રી સંત રામસેવક દાસજી, સંત અયોધ્યા દાસજી મહારાજ, બહેન સ્વાતિ પાઠક, તથા ભાઈ શ્રી ભીખુદાન ગઢવીને ઓછા ને આછા સાજ-સંગીતના સથવારે ખૂબ જ મનભાવન પ્રસ્તુતિ માટે ખોબલે ખોબલે અભિનંદન આપવાં જ ઘટે... તો કાર્યક્રમનાં સંચાલિકા આદરણીય માર્ગીબહેન હાથી વઈશે તો કહી શકાય કે રજૂ થતાં પ્રત્યેક પદ ભજન સાથે સાંકળી લઈને પૂ. ગાંધી બાપુના વિચારો, જીવનમંત્રો, ઉમદા કાર્યો સત્ય, નિખાલસતા, દૈવત ને દાસત્વની સુંદર વાતો - દૃષ્ટાંતો, કાવ્ય પંક્તિઓ અને સંસ્કૃત સુભાષિતો સાથે - બધું 'સોને પે સુહાગા' હતું. કદાચ એકાદ વર્ષે બીજી ઓકટોબરે 'કલા ગુર્જરી' માર્ગી બહેનની 'ગાંધી વાતો' સાથે ભજનોનો કાર્યક્રમ ગોઠવે તોય જામે જ... કેમકે માર્ગીબહેનને સાંભળ્યા જ કરીએ એવું સરસ - મીઠું ને મર્મી કથન હોય છે એમનું... પ્રણામ સહ અભિનંદન, માર્ગી બહેન...

અંતમાં ફરી એવું જ કહીશ કે પૂ. બાપુને શત શત વંદન સાથે 'કલા ગુર્જરી - ગાંધીનગર' ને દર વર્ષે આ એક જ કાર્યક્રમ માટે સલામ ને સો ટકા માર્ક આપવા પડે.... ને યસ, 'કલાગુર્જરી' આવા ઉમદા કાર્યક્રમો આપી શકે એ માટે એને દર પ્રકારે તન-મન-ધનથી ખાસ - ટેકો આપતા રહેવાની આપણા સૌ કલાપ્રેમીઓની ફરજ પણ થઈ પડે છે, હોં !!

**તા. ક. આ કાર્યક્રમ જે લોકો ન જોઈ શક્યા હોય તેઓ 'કલા ગુર્જરી ગાંધીનગર' - એ ફેસબુક પેજ પર હજી પણ માણી શકશે.**

# જય, જય, જય. જય, જય, જય માતા મહાકાળી

મનના ઉમંગો
રણછોડ પરમાર

તાજેતરમાં મારા બહાર પડેલા પુસ્તક '' સારે તીરથ બાર બાર'' ના પ્રકરણ -૬ માં કલકતાના મહાકાલી મંદિરના દર્શનની વાત કરવામાં આવી છે. આખા વિસ્તારનું નામ કાલીઘાટ છે. આ મંદિર ભારતભરમાં પ્રસિધ્ધ છે. સ્વામી રામકૃષ્ણ પરમહંસ અને સ્વામી વિવેકાનંદની અનેક કહાણીઓ પોતાના હૈયામાં સંઘરીને આ મંદિર બેઠું છે. અમારા પ્રવાસનો એક સાથીદાર દીપક સોની અને હું ત્યાંની બસમાં બેસીને મંદિર ગયા હતા. બહુ ભાવપૂર્વક દર્શન કર્યાં હતાં. અહીં આવ્યા પછી ખબર પડી કે મંદિરની નજીકમાંથી જ હૂગલી નદી વહે છે. પણ અમને તેની ખબર ના હોવાથી તે જોવા જઈ શક્યા ન હતા. ઉત્તર ગુજરાતમાં જેમ અંબાજીનું મહત્વ વધારે છે તેમ મધ્ય ગુજરાતમાં મહાકાળી માતાનું મોટું સ્થાન છે. ઘણા વરસો પહેલાં મેં મહાકાળી માતાનો લાંબો ગરબો લખ્યો હતો.તે મેં ઉપર જણાવેલા પુસ્તકના પરિશિષ્ટમાં સામેલ કર્યો છે. નવરાત્રિના દિવસો છે એટલે એ ગરબો હું અહીં પણ રજૂ કરું છું.

**મહાકાળી માતાનો ગરબો**

પાવાની પટરાણી માતા મહાકાળી,નવખંડે પૂજાણી માતા મહાકાળી.
નવરંગી નવરાત માતા મહાકાળી,ગરબે ઘુમે માત માતા મહાકાળી.
ગરબો ઘમ્મર ઘુમે માતા મહાકાળી,તારા થનથન ઝૂમે માતા મહાકાળી.
ગરબા કૈં ગવરાવે માતા મહાકાળી,અમરતિયાં પીવરાવે માતા મહાકાળી.
લોકો જોવા આવે માતા મહાકાળી,ગરબે ઘુમવા આવે માતા મહાકાળી.
પાવાગઢનો રાજા માતા મહાકાળી,વાગે જેનાં વાજાં માતા મહાકાળી.
ગરબો જોવા આવ્યો માતા મહાકાળી, દારુડો ટટકાવ્યો માતા મહાકાળી.
દારુ મોટો દૈત માતા મહાકાળી,પતઈ ભૂલ્યો ભીંત માતા મહાકાળી.
ઝટ જૈ પાલવ ઝાલ્યો માતા મહાકાળી,મોતને મારગ હાલ્યો માતામહાકાળી.
સિંહે પાડી ત્રાડ માતા મહાકાળી,ધ્રૂજી ઊઠ્યો પહાડ માતા મહાકાળી.
પળમાં પલટ્યું રુપ માતા મહાકાળી,ગરબો થઈ ગ્યો ધૂપ માતા મહાકાળી.
રુપ લીધું વિકરાળ માતા મહાકાળી,આવ્યો કરાલ કાળ માતા મહાકાળી.
નયણે સળગે હોળી માતા મહાકાળી,ખડગ લીધું તોળી માતા મહાકાળી.
પગલે પાવો તૂટે માતા મહાકાળી,માથાં ફટ ફટ ફૂટે માતા મહાકાળી.
ઢગલો માથાં વાઢ્યાં માતા મહાકાળી,ડોકે હાર સજાવ્યા માતા મહાકાળી.
ગઢમાં મારી લાત માતા મહાકાળી,જબ્બર એની ઘાત માતા મહાકાળી.
પાવાગઢ ચિરાણો માતા મહાકાળી,અડધેથી વ્હેંચાણો માતા મહાકાળી.
થરથર પથ્થર ધ્રૂજે માતા મહાકાળી,પાવો પણ ના સૂઝે માતા મહાકાળી.
ભડભડ સળગ્યાં ઝાડ માતા મહાકાળી,માને વળગ્યાં બાળ માતા મહાકાળી.
કાળી ત્યાં કહેવાણી માતા મહાકાળી,અવળાં ભદરકાળી માતા મહાકાળી.
મહેલાતોની રાખ માતા મહાકાળી,ચાંપાનેરી ખાખ માતા મહાકાળી.
પુત્તર ને પરિવાર માતા મહાકાળી,સહુનો થ્યો સંહાર માતા મહાકાળી.
ખોળી ખોળી કાઢ્યાં માતા મહાકાળી, ખચક માથાં વાઢ્યાં માતા મહાકાળી.
પતાઈ બહુ પસ્તાણો માતા મહાકાળી, પથ્થર પર ટીંચાણો માતા મહાકાળી.
પળમાં નીસર્યા પ્રાણ માતા મહાકાળી,આથમિયોહ્લતો ભાણ માતા મહાકાળી.
ખમ્મા, ખમ્મા, ખમ્મા માતા મહાકાળી,ક્રોધ કરજો ખમ્મા માતા મહાકાળી.
મહાદેવજી ત્યાં આવ્યા માતા મહાકાળી,માતાને સમજાવ્યાં માતા મહાકાળી.
ત્યાંથી વાળ્યાં પાછાં માતા મહાકાળી,કળયુગમાં તમ સાચાં માતા મહાકાળી.
ટોચે જઈને બેઠાં માતા મહાકાળી,શ્વાસ બેઠા હેઠા માતા મહાકાળી.
પાવાની પટરાણી માતા મહાકાળી,નવખંડે પૂજાણી માતા મહાકાળી.

(બેસતું વરસ- ૨૦૦૧)

# મૃણાલ તે ભીખારીને ખુબ આશ્ચર્યની દૃષ્ટિથી જોતો જ રહી ગયો

નવાં કલેવર
નટવર હેડાઉ

મૃણાલ મંદિરના પગથિયાં ઉતર્યો ત્યાં એક ભીખારીએ એનો વાડકો ખખડાવી સામે ધરી દીધો. મૃણાલે ઝટ દઈને પેન્ટના ખિસ્સામાં હાથ નાંખી એક રુપિયાનો સિક્કો કાઢ્યો અને ભીખારીના વાડકામાં નાંખી દીધો.

ભીખારીએ મોં બગાડ્યું અને બબડવા લાગ્યો. કેવા કંજૂસ લોકો આ મંદિરમાં આવવા લાગ્યા છે. હોટલમાં જઈ ૫૦૦ ખર્ચી નાંખશે. મલ્ટી પ્લેક્સમાં સિનેમા જોવા જશે ત્યાં પંદરસો વાપરી નાખશે. મોલમાં જઈ બે ચાર હજારની ખરીદી કરશે. છોકરાઓને ભણાવવા હજારો રુપિયા ડોનેટ કરશે, પણ અહીં આપણા વાડકામાં પાંચ દસ રુપિયા નાંખતા ચૂક આવે છે. ડુંગળી ચાલીસ પચાસ રુપેય થઈ ગઈ છે. પેટ્રોલના ભાવ કુદકે ને ભૂકકે આગળ વધી રહ્યા છે એ શું એમને દેખાતું નહીં હોય.

ભીખારીએ પોતાની નજીક બેઠા ભીખારીનું આ બાબતે સમર્થન મેળવવાની કોશિશ કરી. તે ભીખારી પણ કહેવા લાગ્યો. 'હા, ભાઈ તારી વાત સાચી છે. આ લોકો કયારેક પોતાના ખર્ચા પણ કાપ નહીં મૂકે. જો કે આપણને જ રુપિયા બે રુપિયાના સિક્કા પકડાવી દે છે.' મૃણાલ મંદિરના પગથિયાં ઉતરતો હતો ત્યારે તેનો મિત્ર મનિષ નીચે ઊભો જોઈ રહ્યો હતો. બંને નજીક આવતાં હાથ મિલાવી એકબીજાને ખબર અંતર પૂછ્યા. મનીષે કહ્યું, 'મૃણાલ, મને લાગે છે કે તું તો દર મંગળ અને ગુરુવારે અહીં આવતો હોઈશ ખરું ને?'

'ના ભાઈ ના, કયારેક મન થઈ જાય તો આવી જઉં છું. મારે એવો કોઈ નિયમ નથી.' મૃણાલે કહ્યું.

તે વખતે અચાનક મનીષ બોલ્યો, 'મૃણાલ, હું તને એક વાત કરવા માંગુ છું. તું સાંભળીશ તો દંગ રહી જઈશ.'

'હું કંઈ સમજ્યો નહીં, એવી શું વાત છે ?' મૃણાલે કહ્યું.

'હમણાં તે મંદિરના પગથિયાં ઉતરીને જે ભિખારીને સિક્કો આપ્યોને, તેની આ શહેરમાં છ રીક્ષાઓ ભાડેથી ફરે છે.'

'મનીષ તું પણ શું, સવાર સવારમાં મજાક કરે છે. ગપ્પા મારવા માટે તને હું જ મળ્યો.'

હું ખરેખર સાચું કહું છું. આ ભિખારીને રોજના ૧૨૦૦ રુપિય રીક્ષા ભાડાના મળે છે. તને વિશ્વાસ ન પડતોહોય તો સાંજે છ વાગ્યાની આસપાસ આ મંદિરે આવી જજે બધું નજરો નજર જોવા મળશે.' મનીષે ખુબ જ આત્મવિશ્વાસ સાથે પોતાની વાત કરી.

'સારું મનીષ સાંજે છ વાગ્યે મળીએ છીએ. હાલ તો મારે ઓફિસે જવાનું છે. સાંજે આમ પણ હું આ રસ્તે જ નીકળું છું.' મૃણાલે કહ્યું.

સાંજે છ વાગ્યે મનીષ અને મૃણાલ મળ્યા. વાતો કરતાં તેઓ મંદિરના પગથિયાં નજીક ઊભા રહ્યા. પેલો ભિખારી પણ ત્યાં જ બેઠેલો હતો.

થોડી મીનીટો પછી મૃણાલ અને મનીષે જોયું. તો એક રીક્ષાવાળો મંદિર પાસે ઊભો રહ્યો. રીક્ષા વાળો રીક્ષા ઊભી રાખી ઝડપથી ભીખારી પાસે આવ્યો. તેણે પાંચસોની બે અને બસોની એક નોટ કાઢી ભીખારીના હાથમાં મુકી. ભીખારીએ આજુબાજુ જોયું કે કોઈ જોતું તો નથી ને, અને ઝટ દઈને રુપિયા લઈ પોતાના ફાટેલા ખમીશનાં ખિસ્સામાં સરકાવી દીધા. અને ચૂપચાપ તેનો ભીખનો વાડકો નજીક ખેંચ્યો. રીક્ષાવાળાએ ઈશારાથી તેને કંઈ કહ્યું અને ત્યાંથી નીકળી ગયો. મૃણાલ તે ભીખારીને ખુબ આશ્ચર્યની દૃષ્ટિથી જોતો જ રહી ગયો.